દક્ષિણ ભારત સમાચાર

કોયમ્બતૂરમાં યુગચેતનાનો વિસ્તાર

કોયમ્બતૂર (તામિલનાડુ)

પરમ પૂજ્ય ગુરુદેવના બોધ દિવસ-પાવન વસંત પર્વ પર ગાયત્રી ચેતના કેન્દ્ર કોયમ્બતૂર દ્વારા ૧૦૦૮ દીપ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ચારસો થી ચારસો પચાસ લોકોએ ભાગ લીધો. કેન્દ્ર સંચાલક તથા શાંતિકુંજ પ્રતિનિધિઓએ આ અવસર પર પોતાની શ્રદ્ધા-સમર્પણ ભાવની માર્મિક અભિવ્યક્તિ કરતાં પરમ પૂજ્ય ગુરુદેવના વિચાર ક્રાંતિ અભિયાનને ગતિ પ્રદાન કરવાની પ્રેરણા આપી.

દીપયજ્ઞનો આરંભ શ્રી કૈલાશ પ્રસાદ અગ્રવાલ તથા શ્રી સોહન ભાટી દ્વારા દીપ પ્રગટાવીને કરવામાં આવ્યો.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના ઈનામ વિતરણ સમારંભમાં મંચસ્થ શ્રી રમણલાલ દવે, શ્રી અશ્વીની સુબ્બારાવ, સ્વામી દયાનંદજી, ડૉ.બૃજમોહન ગૌડ, શ્રી માહેશ્વરી, શ્રી કૈલાસ અગ્રવાલ

શ્રીયુત શ્રી ગોપાલ માહેશ્વરીએ યુગ નિર્માણ આંદોલનમાં સહભાગી દેવાત્માઓનું સ્વાગત કર્યું, ત્યાં શ્રી કૈલાસ અગ્રવાલે કેન્દ્રની ગતિવિધિઓની જાણકારી આપી. શ્રી એસ.પી. સમ્રાજ દ્વારા પૂજ્ય ગુરુદેવના બ્રાહ્મણ-જીવનની માર્મિક વિવેચના તથા શ્રી એસ.ભૂપતિ તથા શ્રીમતી રાજમ્મા દ્વારા ગુરુ-ગાયત્રીથી મળેલ અનુદાનોની ચર્ચાથી સમસ્ત ભાગીદારોમાં આસ્થાની જ્યોતિ પ્રખર બનાવી. ગુજરાતી સમાજના વૃદ્ધ પ્રતિનિધિ શ્રી રમણલાલ કાકાએ ગાયત્રી ચેતના કેન્દ્રના નિર્માણ તથા એમાં યુગશક્તિની પ્રતિષ્ઠા માટે પોતાનું અંશદાન પ્રગટાવીને કરવામાં આવ્યો.

શ્રીયુત શ્રી ગોપાલ માહેશ્વરીએ યુગ નિર્માણ આંદોલનમાં સહભાગી દેવાત્માઓનું સ્વાગત કર્યું, ત્યાં શ્રી કૈલાસ અગ્રવાલે કેન્દ્રની ગતિવિધિઓની જાણકારી આપી. શ્રી એસ.પી. સમ્રાજ દ્વારા પૂજ્ય ગુરુદેવના બ્રાહ્મણ-જીવનની માર્મિક વિવેચના તથા શ્રી એસ.ભૂપતિ તથા શ્રીમતી રાજમ્મા દ્વારા ગુરુ-ગાયત્રીથી મળેલ અનુદાનોની ચર્ચાથી સમસ્ત ભાગીદારોમાં આસ્થાની જ્યોતિ પ્રખર બનાવી. ગુજરાતી સમાજના વૃદ્ધ પ્રતિનિધિ શ્રી રમણલાલ કાકાએ ગાયત્રી ચેતના કેન્દ્રના નિર્માણ તથા એમાં યુગશક્તિની પ્રતિષ્ઠા માટે પોતાનું અંશદાન લગાવવાની પ્રેરણા આપી.

દીપયજ્ઞનું સંચાલન ચેતના કેન્દ્રના સર્વશ્રી દુર્ગેશ ઓંકાર, વિદ્વેશ, ચંદ્રશેખર તથા કૃષ્ણાની ટોળીએ કર્યું. સૌએ ત્રણ-ત્રણ દીપ પ્રગટાવીને ભાવ આહુતિઓ પ્રદાન કરી ગુરુસત્તાને પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. પુષ્પાબહેન તોમરનો જન્મદિવસ મનાવવામા આવ્યો. જ્યાં સમસ્ત યાજકોએ આત્મપરિષ્કાર માટે દુર્ગુણ છોડવા અને સદગુણ ગ્રહણ કરવાની ઘોષણા કરી, ત્યાં તમિલ કાર્યકર્તા શ્રી સુરેશજીએ ચેતના કેન્દ્રના નિર્માણ માટે પોતાના અનુદાનના સંકલ્પની ઘોષણા કરી.

ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનો ટંકાર

કોયમ્બતૂર (તામિલનાડુ)

તામિલનાડુમાં વર્ષ-૨૦૦૭માં પહેલી વાર ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન થયું. એમાં ૮ વિદ્યાલયોના ૮૧૧ બાળકોએ ભાગ લીધો. તા-૧૩ જાન્યુઆરી-પોંગલના પાવન પર્વ પર એનો પુરસ્કાર વિતરણ સમારોહ રાખવામાં આવ્યો હતો. આર્ષ વિદ્યા ગુરુકુલમ, અન્નાકટીના પ્રમુખ સ્વામી દયાનંદ સરસ્વતીએ પરીક્ષાના પ્રત્યેક વર્ગમાં અગ્રણી રહેલ વિદ્યાર્થીઓને નિર્ધારિત પદક, સાહિત્ય, રોકડ રકમ વગેરે પ્રદાન કરતાં સન્માનિત કર્યા.

કોયમ્બતૂરના ગુજરાતી સમાજમાં યોજાયેલ આ સમારોહમાં દક્ષિણ ઝોનના કન્વીનર શાંતિકુંજ પ્રતિનિધિ ડૉ.બૃજમોહન ગૌડ, દક્ષિણ ભારતમાં ગાયત્રી પરિવારના સંયોજક શ્રી અશ્વિની સુબ્બારાવ, કોયમ્બતૂર શાખાના શ્રીયુત શ્રી ગોપાલ માહેશ્વરી, રમણલાલ દવે, કૈલાસ અગ્રવાલ વગેરે પ્રમુખ રૂપથી ઉપસ્થિત રહ્યા હતા. લગભગ ૬૦૦ લોકોની ઉપસ્થિત હતી, જેમાં તેલુગુ, તમિલ, મલયાલી, બંગાલી સૌ સામેલ હતા. આ સમારોહમાં વિદ્યાર્થીઓ સિવાય પરીક્ષાના આયોજનમાં પ્રમુખ રૂપથી સહયોગી રહેલ મહાનુભાવો તથા ચેતના કેન્દ્ર નિર્માણના મુખ્ય સહયોગીઓનું પણ સન્માન કરવામાં આવ્યું. લોકોને વીડિયો પ્રોજેક્ટરના માધ્યમથી મિશનની ગતિવિધિઓને જોવા-સમજવાનો અવસર મળ્યો. આ અત્યંત પ્રભાવશાળી સમારોહના આયોજનમાં કેન્દ્ર સંચાલક શ્રીમતી પ્રશાંતી તથા શ્રી ઉમેશ શર્માનું અગ્રણી યોગદાન રહ્યું.

કેરલમાં વિચાર ક્રાંતિનો શંખનાદ

તિરુવનંતપુરમ (કેરલ)

ગાયત્રી ચેતના કેન્દ્ર તિરુવનંતપુરમે પોંગલ (મકર સંક્રાંતિ)ના અવસર પર એન.એસ.હૉલમાં ૧૦૦૮ દીપ મહાયજ્ઞનું આયોજન કરતાં હજારો લોકોને અધ્યાત્મના પુનર્જીવન માં સહયોગી બનવાની પ્રેરણા આપી. દક્ષિણ ઝોનના કન્વીનર ડૉ.બૃજમોહન ગૌડજીએ આ અવસર પર પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા સભ્ય સમાજની સ્થાપના માટે બતાવવામાં આવેલ પ્રેરણાદાયી સૂત્રોની વ્યાખ્યા કરી. તેમણે કહ્યું કે સમસ્ત ધાર્મિક સંકીર્ણતાઓથી ઉપર ઉઠીને માનવ માત્રને આ વિચાર અપનાવવા જોઈએ.

મારવાડી સમાજના અધ્યક્ષ શ્રી દીનદયાલ શારદા દ્વારા દીપ પ્રગટાવવાની સાથે કાર્યક્રમનો આરંભ થયો. સર્વશ્રી સંજય અગ્રવાલ, વલ્લભજી, પ્રભુદાનજી, ગૌતમભાઈ, પર્વતસિંહ, ગુલાબસિંહ, ગોપી રાઠી, અરુણેન્દ્ર રાઠોર, કૈલાસ ચૌધરી, વિનોદ લઢ્ઢા, મહેશ લઢ્ઢા વગેરે પ્રમુખ સહયોગી હતા. એ જ દિવસે પાલઘાટ, કેરલમાં શ્રી મોતીલાલ ગોયલનો ગૃહ પ્રવેશ ગાયત્રી પરિવારના વિધિ-વિધાન સાથે સંપન્ન થયો.

૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ

અર્નાકુલમ:- તા-૨૦ જાન્યુઆરી-૦૮ના રોજ કેરલ રાજ્યના અર્નાકુલમ શહેરમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન રાખવામાં આવ્યું હતું. મિશનના પદાર્પણની વેળામાં આ રાજ્યમાં પોતાની રીતનું પહેલું વિશાળ આયોજન રાખવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં મલયાલી લોકો સહિત સૈંકડો લોકોએ ભાગ લીધો.

આ વિશાળ યજ્ઞનું આયોજન અર્નાકુલમ ના વીમેન ક્લબ હૉલમાં રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન સર્વશ્રી પીયૂષ રસ્તોગી, શ્રી જયરામ મોટલાની, ફૂલસિંહ, રાજકુમાર, મૂલચંદ, શૈલેન્દ્ર તથા મધુસિંહની ટોળીએ કર્યું. દક્ષિણ ઝોનના કન્વીનર ડૉ.બૃજમોહન ગૌડ દ્વારા ગાયત્રી ચેતનાના વિસ્તારની ખૂબ જ પ્રભાવશાળી વ્યાખ્યા કરવામાં આવી. પરિણામ સ્વરૂપે લગભગ તમામ લોકોએ ગાયત્રી મંત્રની દીક્ષા લીધી. શ્રી રાજેશ ગુપ્તા, શ્રી કલ્યાણમલ સાંખલા તથા બ્રહ્મ સમાજ દ્વારા પોત-પોતાના ક્ષેત્રોમાં ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરીને ગાયત્રી પરિવારના આ પુનીત પ્રયાસમાં ભાગીદાર થવાના સંકલ્પો લીધા. સર્વશ્રી ઠાકુર દાસ,અશોક અગ્રવાલ, મોહનજી,ધીરેનજી, પૂરન ચંદ્રજી, પ્રદીપ માહેશ્વરી, કેજરીવાલ, વાય.કે. ગુપ્તા, લાલપત, તંવરજીનો આ કાર્યક્રમની સફળતામાં મુખ્ય યોગદાન રહ્યું.

વાયુસેનાના અધિકારીઓની આસ્થાનું સિંચન

સોનપુર-કામરૂપ (આસામ)

એર ફોર્સ, ડિગારૂના શિવ મંદિરના પ્રાંગણમાં મકર સંક્રાંતિ પર પાંચ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ રાખવામાં આવ્યો હતો. જેમાં વાયુસેનાના સમસ્ત વરિષ્ઠ, કનિષ્ઠ અધિકારીઓએ પરિવાર સહિત ભાગ લીધો હતો. યજ્ઞમાં ઉપસ્થિત લગભગ ૬૦૦ લોકોમાં ભારતના દરેક રાજ્યના લોકો જોઈ શકાતા હતા. સૌએ યુગઋષિ પરમ પૂજ્ય ગુરુદેવના ક્રાંતિકારી આંદોલન પ્રત્યે અગાધ શ્રદ્ધા વ્યક્ત કરતાં યજ્ઞ ભગવાનને આહુતિઓ સમર્પિત કરી.

યજ્ઞના મુખ્ય યજમાન એર ફોર્સ, ડિગારૂના કમાંડિંગ ઑફિસર હતા. એનું સંચાલન દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના ઇંટર્નશીપ કરી રહેલ વિદ્યાર્થી ચિ.રાજેશ કુમાર સિંહ તથા ચિ.પ્રેમ પ્રકાશ ઘરે પરિવ્રાજક શ્રી શરદચંદ્ર શર્મા તથા શ્રી રાજુ રંજન સહાયની સાથે કર્યું. એમના ઉદ્બોધને દેશભક્તિની સાથે ધર્મ-સંસ્કૃતિની રક્ષા માટે પણ એટલી જ તત્પરતાથી લાગી જવાનો ભાવ યાજકોમાં જગાડ્યો.

આરંભમાં માતૃવંદના થઈ તથા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. બાળકો માટે એક વિશેષ યજ્ઞની પારી કરવામાં આવી, જેમાં એમની બુદ્ધિ તથા પ્રતિભાના વિકાસની પ્રાર્થનાની સાથે વિશેષ આહુતિઓ સમર્પિત કરવામાં આવી. કાર્યક્રમ સંયોજનમાં ડૉ.એસ.કુમાર, કે.કે.શુક્લા, વશિષ્ઠજી તથા પ્રજ્ઞા સંસ્થા ગૌહાટી ની પરિવ્રાજક બહેન શ્રીમતી આશા શર્માનું મુખ્ય યોગદાન રહ્યું.

દે૦સં૦વિ૦વિ૦પરિવારની ઉલ્લેખનીય સફળતા

તિરુવનંતપુરમ (કેરલ)

તિરુવનંતપુરમના શૈક્ષણિક પ્રવાસ પર ગયેલ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયના ભારતીય સંસ્કૃતિ તથા પર્યટન વિભાગના વિદ્યાર્થીઓ સમાજ નિર્માણની ક્રાંતિકારી ભાવનાથી પ્રેરણા લીધી, યુગઋષિના અભિયાનથી પ્રભાવિત થયા. યજ્ઞ તથા દીપયજ્ઞનું સંચાલન હિંદી-અંગ્રેજી તથા મલયાલમમાં થયું. દેવ સંસ્કૃતિ

તિરુવનંતપુરમમાં યજ્ઞ સંચાલન કરી રહેલ દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની ટોળી

એ સ્થાનીય ચેતના કેન્દ્રમાં એક મોટો અને પ્રભાવશાળી યજ્ઞીય કાર્યક્રમ સંપન્ન કરાવ્યો. કાર્યક્રમમાં સૈંકડો લોકો ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓની પરિષ્કૃત આસ્થા અને વિશ્વવિદ્યાલયના પ્રવક્તા શ્રી છત્રપતિ શિવાજી ચેતના કેન્દ્ર પ્રતિનિધિ શ્રી પીયૂષ રસ્તોગી, વિદ્વેશ્વર મહાપાત્ર, મૂલચંદ વગેરેએ વિદ્યાર્થીઓનો સહયોગ કર્યો.

મનુષ્યને ઉંચે ઉઠાવવા અને નીચે પાડવામાં એની ભાવના જ એકમાત્ર કારણ હોય છે.

પરિસ્થિતિઓ હંમેશા અનુકૂળ જ રહે, એવી આશા ન કરો. આ સંસાર તમારા માટે જ નથી બન્યો.